જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી ૨૬ લીટર દેશી દારૂ અને ૧૨૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૧,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૧૬**

**આનંદનગર : મલય કનૈયાલાલ પડિયા (ઉ.વ.૪૬)(રહે,સ્વનીલ ફ્લેટ, ફુલવાડી ચોક હિલ ડ્રાઇવ ભાવનગર)** એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૩/૧૦/૧૬ ના કલાક ૧૨/૩૦ થી ૨/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન સેલ પેટ્રોલ પંપની ઇન્દ્રપ્રસ્થ કોપોરેટ બિલ્ડિંગની નીચે બંધેજ શોરૂમ સામે રોડ ઉપર પોતાની ઇનોવા કાર પાર્ક કરી હતી. જે કારનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ નંગ-૨ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, પેનડ્રાઇવ, ડેબીટકાર્ડ, આઇકાર્ડ, પાસપોર્ટ, કપડાં અને જરૂરી દસ્તાવેજ ભરેલ બેગ નંગ-૩ ની ચોરી કરી પલાયન થઇ ગઇ છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **એફ.એ.પારગી** ચલાવે છે.

**અમરાઇવાડી : હિતેન્દ્રકુમાર શીવાભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)(રહે, તેજેન્દ્ર પોઈન્ટ રો-હાઉસ, પોસ્ટ ઓફિસ ચાર રસ્તા પાસે, અમરાઇવાડી)** એ તા.૩/૧૦/૧૬ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨૮/૦૯/૧૬ ના કલાક ૯/૪૫ વાગ્યાનાં સુમારે અમરાઇવાડી પોસ્ટ ઓફિસ નજીક, લક્ષ્મી વિજય કાપડની દુકાન પાસે આવેલ એસ.બી.આઈ. ના એ.ટી.એમ. માંથી કોઇ અજાણી વ્યક્તિ હિતેન્દ્રકુમારની પત્નીનાં ATM માંથી રૂપિયા ૩૮,૦૦૦/- કોઈ પણ રીતે ઉપાડી ચોરી કરી લઈ ગઇ છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **જી.એસ.પાટીલ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરી:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૯/૧૬</u>**

**વસ્ત્રાપુર : રોહિત કિશનભાઈ પંચાલ (રહે. નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા)** એ તા.૩/૧૦/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૦૧/૧૦/૧૬ બપોરના ૪/૦૦ થી રાતનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન એસ.જી.હાઈવે, બોડકદેવ, ગુરુદ્વારા સામે રોડ ઉપર** પાર્ક કરેલ પોતાનાં ભાઇની **હુન્ડાઈ સેન્ટ્રો કાર નંબર. આર.જે.૨૦.સી.એ.૬૮૭૧** કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **એમ.એસ. બોદર** ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)